**માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૬ ના હેતુ માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદને હવાલે મૂકવામાં આવેલ ફંડના મોનીટરીંગ માટે સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક :- મહત-૨૦૦૫-(૮)-આરટીઆઈ સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૭-૦૨-૨૦૦૯

**આમુખ :**

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૬ માં રાજ્ય સરકારને નાણાંકીય અને બીજા સ્ત્રોતોની ઉપલભ્યતાના પ્રમાણમાં શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા અને તેની વ્યવસ્થા કરવા માટે તેમજ જાહેર સત્તામંડળો ધ્વારા તેમની પ્રવૃત્તિઓ વિષે પ્રચાર-પ્રસાર કરવા સુચવવામાં આવ્યું છે. તેને ધ્યાનમાં લઈને સામાન્ય પ્રજાજનથી માંડીને ઉપેક્ષીત જનસમુદાય સુધી આ કાયદાનો વિવિધ સ્વરૂપે પ્રચાર અને પ્રસાર કરવા અને અધિનિયમની કલમ-૨૬ નીચેની જવાબદારીઓ અદા કરવાના હેતુથી સરકારશ્રી ધ્વારા આ અંગેનું ફંડ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, (સ્પીપા) અમદાવાદના હવાલે મુકવામાં આવે છે.

સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદને ફાળવાયેલ ફંડ અંતર્ગત તે સંસ્થા ધ્વારા કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવી અને આવી હાથ ધરાયેલ પ્રવૃત્તિઓના મોનેટરીંગ માટે એક સમિતિની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

વિચારણાને અંતે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૬ નીચે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ ધ્વારા કરવાની / હાથ ધરાયેલ પ્રવૃત્તિઓના મોનીટરીંગ માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | નાયબ સચિવ(આરટીઆઈ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષ |
| ૨. | નાયબ નિયામક (હિસાબ), સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ | સભ્ય |
| ૩. | નોલેજ મેનેજર, સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ | સભ્ય |
| ૪. | નાયબ નિયામક (આયોજન) સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ | સભ્ય સચિવ. |

આ સમિતિની કામગીરી નીચે પ્રમાણેની રહેશે.

(૧) માહિતીના અધિકાર કાયદાની કલમ-૨૬ના હેતુ માટે સરકાર ધ્વારા જે ફંડ ફાળવવામાં આવેલ હોય તે ફંડના ઉપયોગથી કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવી તેના આયોજનમાં માર્ગદર્શન પુરૂ પાડશે.

(૨) આયોજન મુજબ કરવાની / તે મુજબ હાથ ધરાયેલ પ્રવૃત્તિઓનું મોનીટરીગ / દેખરેખની કામગીરી કરશે.

(૩) આ અધિનિયમ હેઠળ નિર્ધારિત અધિકારોનો અમલ કેવી રીતે કરવો તે વિષે જનતાની ખાસ કરીને અવિકસિત સમાજ / વંચિત સમુદાયોની જાહેર સમજ વધારવા માટે શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા અને તેની વ્યવસ્થા કરવામાં સહભાગી બનશે.

(૪) વિવિધ જાહેર સત્તા મંડળોના જાહેર માહિતી અધિકારી / એપેલેટ અધિકારી, ડીમ્ડ જાહેર માહિતી અધિકારીઓને તથા નાગરીકોને તાલીમ આપવા માટેની ટ્રેનીગ ડીઝાઈન તૈયાર કરવા, તાલીમ માટેની સુસંગત તાલીમ સામગ્રી તૈયાર કરવા માટે જરૂરી માર્ગદર્શન આપશે.

(૫) વિવિધ જાહેર સત્તા મંડળો ધ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની જાણ નાગરિકોને યોગ્ય રીતે અને સમયસર થાય તેમજ તેનો અસરકારક પ્રસાર થાય તે માટે જાહેર સત્તા મંડળોને પ્રોત્સાહિત કરશે.

સરકાર ધ્વારા ફાળવાયેલ ફંડના ઉપયોગથી સ્પીપા, અમદાવાદ ધ્વારા કરવાની પ્રવૃત્તિઓ સમિતિ ધ્વારા નિયત કરાયા બાદ તે અંગે થનાર ખર્ચ અંગે વહીવટી / નાણાંકીય મંજૂરીઓ સ્પીપાએ પોતાના બાય–લૉઝ મુજબ યોગ્ય કક્ષાએથી મેળવી લેવાની રહેશે, અને જરૂરી કાર્યપધ્ધતિ પણ અનુસરવાની રહેશે.

આ સમિતિની બેઠક દર બે માસે બોલાવવાની રહેશે તેમજ સ્પીપાએ આ અંગે કરેલ કામગીરી નો અહેવાલ નિયમિત રીતે સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૦।૮
[signature]
૭।૨।૦૯

[signature]
(એચ.એમ.ઠક્કર)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો ભવન, પ્રથમ માળ, સેકટર–૧૮, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(આરટીઆઈ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
- નોલેજ મેનેજરશ્રી, સેન્ટર ફોર ગુડ ગર્વનન્સ, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
- નાયબ નિયામક(હિસાબ), સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
- નાયબ નિયામક(આયોજન), સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
- સચિવશ્રી(વસુતાપ્ર)ના રહસ્ય સચિવ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(વસુતાપ્ર–૩), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
- શાખા સિલેકટ ફાઈલ.

૨૦।ના ફ્ર્
[signature]
૭-૨-૦૯